વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

## પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળના નીચે દર્શાવેલ સંશોધન કેન્દ્રોના વડાઓને જણાવવાનું કે યુનિવર્સિટી અને ખેડૂત સમુદાય વચ્ચેનો સંપર્ક વધુ જીવંત અને મજબૂત બને તથા યુનિવર્સિટી તરફથી ભલામણ કરવામાં આવતી અદ્યતન કૃષિ તજજ્ઞતાઓનો જે તે વિસ્તારમાં બહોળો પ્રચાર અને પ્રસાર થાય તે હેતુસર માન.કુલપતિશ્રીની સૂચનાનુસાર આગામી માર્ચ–૨૦૧૮ સુધીમાં નીચે દર્શાવેલ કેન્દ્રોએ ઓછામાં ઓછા એક **'ખેડૂત દિન'** નું આયોજન કરવાનું રહેશે. આ માટે દરેક કેન્દ્રએ તેના મુખ્ય પાકોની યોગ્યતમ ક્ષેત્રિય પાક પરિસ્થિતિના સંભવિત સમયગાળાને ધ્યાને રાખીને કામચલાઉ તારીખ નકકી કરીને **તા.૧૦/૦૮/૨૦૧૭** પહેલા નીચે સહી કરનારને બિનચૂક જાણ કરવાની રહેશે.

| | |
|---|---|
| ૧ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ), મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, અઠવા લાઈન્સ, નકૃયુ, સુરત |
| ૨ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી(જુવાર), મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, અઠવા લાઈન્સ, નકૃયુ, સુરત |
| ૩ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી(બાગાયત), કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નકૃયુ, પરીઆ, તા.પારડી, જિ.વલસાડ |
| ૪ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી(જળ અને જમીન), જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, નકૃયુ, નવસારી |
| ૫ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી(શેરડી), વિભાગીય શેરડી સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી |
| ૬ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, મકતમપુર, ભરૂચ |
| ૭ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, નકૃયુ, વ્યારા, જિ.તાપી |
| ૮ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, હલકાં ધાન્ય સંશોધન કેન્દ્ર, નકૃયુ, વઘઈ, તા.જી.ડાંગ |
| ૯ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ફળ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, ગણદેવી, જિ.નવસારી |
| ૧૦ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, નાઈઝર સંશોધન કેન્દ્ર, નકૃયુ, વણારસી, તા.વાંસદા, જિ.નવસારી |
| ૧૧ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ઘઉ સંશોધન કેન્દ્ર, નકૃયુ, બારડોલી–૩૯૪૬૦૨, જિ.સુરત |
| ૧૨ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કપાસ સંશોધન પેટા કેન્દ્ર, નકૃયુ, અછાલીયા–૩૯૩૧૨૦, જિ.ભરૂચ |
| ૧૩ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, નકૃયુ, તણછા–૩૯૨૦૨૫, જિ.ભરૂચ |
| ૧૪ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કપાસ સુકારા સંશોધન કેન્દ્ર, નકૃયુ, હાંસોટ, જિ.ભરૂચ |
| ૧૫ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, નકૃયુ, માંગરોળ, જિ.સુરત |

**'ખેડૂત દિન' કાર્યક્રમના આયોજન માટે માર્ગદર્શક સૂચનો :**

૧. ખેડૂતોને ફાર્મ ખાતે હાથ ધરેલ સંશોધનના અખતરાંઓની પ્રત્યક્ષ મુલાકાતે લઈ જવા.
૨. કેન્દ્ર ખાતે કૃષિ સંગ્રહાલય તૈયાર કરેલ હોય તો તે ખેડૂતોને બતાવવું.
૩. ચર્ચા સભામાં વૈજ્ઞાનિકોએ ફકત અદ્યતન કૃષિ ટેકનોલોજી અંગે ખેડૂતોને સરળ ભાષામાં જાણકારી આપવી.
૪. કૃષિક્ષેત્રે આગવી સિધ્ધી હાંસલ કરી હોય તેવા કેન્દ્ર નજીકના બે થી ત્રણ પ્રગતિશીલ ખેડૂતોના અનુભવો અન્ય ખેડૂતો સમક્ષ રજૂ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.
૫. ખેડૂતો–વૈજ્ઞાનિકો વચ્ચે કૃષિ વિષયક પ્રશ્નોતરી/ચર્ચા પર ભાર આપવો.
૬. કાર્યક્રમને સફળ બનાવવા માટે કેન્દ્રની નજીક આવેલી સરકારી/સહકારી/સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ મેળવવો.
૭. કાર્યક્રમ પૂર્ણ થયે સારા ફોટોગ્રાફસ સાથેનો ટૂંકો અહેવાલ તેમ જ ચર્ચા દરમ્યાન ખેડૂતો તરફથી રજૂ થયેલ પ્રશ્નો/પ્રતિભાવોની યાદી નીચે સહી કરનારની કચેરીમાં મોકલી આપવી.

પ્રસ્તુત પરીપત્ર માન.કુલપતિશ્રીની મંજૂરીથી યુનિવર્સિટીના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં. વિશિનિ/ટી–૧/૨૯૫૬–૭૧/૨૦૧૭
નવસારી તા.૧૯/૦૭/૨૦૧૭

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ</u> :**

૧. માન.કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૩. ઉપર કોઠામાં દર્શાવેલ કેન્દ્રોના વડાઓ તરફ જાણ તથા અમલ થવા સારું.